




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-01 ■ તા. 01-01-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# નવસારીમાં ગોઝારો અકસ્માત

## કાર અને બસની ટક્કરમા ૯ લોકોના મોત

નવસારી,તા.૩૧

નવસારીના વેસ્મા નજીક ગોઝારા અકસ્માતની ઘટના બની છે. પૂરપાટ દોડતી ફોર્ચ્યુનર કાર ડીવાઈડર કૂદીને સામેના ટ્રેક પર જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કુલ ૯ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. તો કુલ ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત દરમિયાન બસના ડ્રાઈવરને પણ હાર્ટ એટેક આવ્યો હતો, જેમનુ મોત નિપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, લક્ઝરી બસ સુરતથી વલસાડ તરફ જઈ રહી હતી. ત્યારે ફોરર્યુનર કાર અને લક્ઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ફોરચ્યુનર કારમા સવાર તમામ ૮ યુવકોના મોત નિપજ્યા છે. તો બીજી તરફ, બસમાં સવાર ડ્રાઈવરનું અકસ્માત અને હાર્ટ એટેકને કારણે મોત નિપજ્યું છે. બસમાં સવાર ૩૦ લોકોને નાની મોટી ઈજા થતા તમામને નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. જેમાંથી ૧૧ ગંભીર રીતે ઘવાયેલાં લોકોને નવસારીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. તો સામાન્ય ઈજા પામનાર લોકોને વલસાડ ખસેડવામાં આવ્યા છે. બસના ડ્રાઈવરને હાર્ટ અટેક આવતા બસ ફોર્ચ્યુનર કાર સાથે અથડાઈ હોવાની પ્રાથમિક માહિતી મળી છે.



મૃતકોમાં ૧. નીતિન ઘનશ્યામ પાટીલ, ઉ. ૩૦, ભરૂચ, ફોર્ચ્યુનરનો ડ્રાઈવર,૨. જયદીપ કાંતિભાઈ પેથાણી, ઉ. ૨૫, ભાદાજાળીયા, ધોરાજી, રાજકોટ,૩. જયદીપ કાળુભાઈ ગોધાણી, ઉ. ૨૪, નાની પીડાખાઈ, વિસાવદર, જૂનાગઢ,૪. ધર્મેશ પ્રકાશભાઈ શેલડિયા, ઉ. ૨૪, ગુંદાળા, રાજકોટ,૫. જગદીશ રસિકભાઈ દુધાત, ઉ. ૩૫, પ્રજવિલા બંગલો, અંકલેશ્વર, ભરૂચ,૬. મયુરકુમાર ધીરૂભાઈ વવૈયા, ઉ. ૨૩, ચોરા પાસે, ઝાંઝેછર, જાંબુડા, જૂનાગઢ,૭. નવનીત મોહનભાઈ ભદીચદરા, ઉ. ૩૯, નાયવર નગર, નાના વરાછા, સુરત,૮. પ્રજ્ઞેશ રણછોડ વેકરીયા, ઉ. ૨૩, પાણીની ટાંકી, રબાકીયા, રાજકોટ,૯. ગણેશ મોરારભાઈ ટંડેલ, રામનગર, કોલક ગામ, વલસાડનો સમાવેશ થાય છે.

બસમાં સવાર ૩૦ લોકોને નાનીમોટી ઈજા થતાં નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જેમાંથી ૧૧ ગંભીર રીતે ઘવાયેલા લોકોને નવસારીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સામાન્ય ઈજા પામનારા લોકોને વલસાડ ખસેડવામાં આવ્યા હતા. બસમાં સવાર લોકો વલસાડના કોલક ગામના વતની છે, જેઓ અમદાવાદ ખાતે બીએપીએસના પ્રમુખસ્વામીનગર કાર્યક્રમમાંથી વલસાડ પરત ફરી રહ્યા હતા.ફોર્ચ્યુનરમાં સવાર મૃતક યુવાનો અંકલેશ્વરની પ્રો લાઈફ કેમો ફાર્મા નામની કંપનીના કર્મચારી હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. કારમાં સવાર એકને સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો છે. આ ઘટનાને પગલે જિલ્લા પોલીસ અધીક્ષક, જિલ્લા અધિક કલેકટર સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સિવિલ હોસ્પિટલમાં ખડે પગે હાજર રહીને ઈજાગ્રસ્તને સારવાર અપાવી હતી.અકસ્માતમાં મોતને ભેટેલા યુવાનો મૂળ સૌરાષ્ટ્રના રહેવાસી છે અને દવાની કંપનીમાં કામ કરે છે. પોતાની કંપનીના સ્ટાફની સગાઈમાં શુક્રવારે સવારે વલસાડ ગયા હતા, જ્યાંથી પરત ફરતી વેળાએ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ ઘટના અંગે ટ્વીટ કરીને દુખ વ્યક્ત કર્યુ. તો વડાપ્રધાન મોદીએ કરી મૃતકોના પરિવારજનોને ૨ લાખની સહાયની જાહેરાત કરી છે. ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજારની સહાયની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે મૃત્યુ પામેલા લોકો પ્રત્યે ઉંડો શોક વ્યકત કરી કહ્યું હતું કે મૃતકોના પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

## લલન શેખ મોત : બંગાળમાં ફરીથી સરકાર અને કેન્દ્રીય એજન્સીઓનું યુધ્ધ ફરી શરૂ થઇ શકે છે

### શેખનું ૧૨ ડિસેમ્બરે કેન્દ્રીય તપાસ બ્યુરોની હિરાસતમાં મોત થયું હતું

કોલકતા,તા.૩૧

બોગતુઇ નરસંહારના મુખ્ય આરોપી લલન શેખના રહસ્યમયી મોતને લઇ સીબીઆઇ અને પશ્ચિમ બંગાળ પોલીસ વચ્ચે ચાલી રહેલ વિવાદે ગંભીર રૂપ લીધુ છે.

રાજયની સીબીઆઇએ કેન્દ્રીય એજન્સીને નોટિસ મોકલી છે.

શેખનું ૧૨ ડિસેમ્બરની સાંજે કેન્દ્રીય તપાસ બ્યુરો(સીબીઆઇ)ની હિરાસતમાં મોત થયું હતું જાણકારી અનુસાર બોગતુઇ નરસંહારની તપાસ કાર્યાલય વિલાસ વાળા મડધુતને મોકલવામાં આવેલ નોટીસમાં પશ્ચિમ બંગાળની સીઆઇડીને કેટલાક સવાલોના જવાબ માંગ્યા છે.

નોટિસમાં રાજયની તપાસ એજન્સીએ વીરભૂમ જીલ્લામાં સીબીઆઇના રામપુરહાટ કેંપ કાર્યાલયમાં લલન શેખના મોતના કારણે સ્પષ્ટીકરણ માંગ્યું છે.

સીઆઇડીએ ૧૨ ડિસેમ્બરની સાંજે આરોપીના મોતના દિવસે બોગતુઇ તપાસ અધિકારીથી રામપુરહાટ કેપ કાર્યાલયમાં સુરક્ષા વ્યવસ્થાના વિવરણની બાબતમાં પણ પુછયું છે.

બોગતુઇ તપાસ અધિકારીને કેમ્પ કાર્યાલયમાં તમામ સીસીટીવી ફુટેજ સીઆઇડીને જામ કરાવવા માટે પણ કહેવામાં આવ્યું છે.

સુત્રોના જણાવ્યા અનુસાર સીબીઆઇ અધિકારીને નોટિસના આધાર પર તાકિદે પોતાનો રિપોર્ટ સીઆઇડીને સોંપવાનું કહેવામાં આવ્યું છે.

લલન શેખના મોતના મામલામાં સાત સીબીઆઇ અધિકારીઓની વિરૂધ્ધ એફઆઇઆર વીરભૂમ જીલ્લા પોલીસ દ્વારા કેસ કરવામાં આવ્યો હતો અને બાદમાં સીઆઇડી પશ્ચિમ બંગાળે તપાસને પોતાના હાથમાં લીધો જો કે સીબીઆઇએ કોલકતા હાઇકોર્ટની એકલ ન્યાયાધીશ બેંચમાં એફઆઇઆરને પડકાર આપવાનો દાવો કર્યો કે આ પશ્ચિમ બંગાળમાં પશુ તસ્કરી કૌભાંડના એજન્સીના તપાસ અધિકારી સુશાંત ભટ્ટાચાર્યના નામના રૂપમાં રાજનીતિથી પ્રેરિત છે અને જેને સીબીઆઇની અલગ ટીમથી કોઇ સંબંધ નથી બોગતુઇ મામલાની તપાસ કરી રહેલ સીબીઆઇને એફઆઇઆરમાં સામેલ કરવામાં આવ્યા હતાં.

કોલકતા હાઇકોર્ટના ન્યાયમૂર્તિ જય સેનગુપ્તાની એકલ ન્યાયાધીશ બેંચે એફઆઇઆરમાં નામિત સાત સીબીઆઇ અધિકારીઓમાંથી કોઇની ધરપકડ સહિત કોઇ યોગ્ય કાર્યવાહી કર્યા વિના સીઆઇડી પશ્ચિમ બંગાળને તપાસ કરવાની મંજુરી આપી.

## કર્ણાટકમાં ભાજપનો દાવ, પંચમસાલી અને વોક્કાલિગાને અનામત મળશે

કર્ણાટક,તા.૩૧

કર્ણાટક વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપ સરકારે લિંગાયત સમુદાયના પંચમસાલી અને વોક્કાલિગા સમુદાયને રીઝવવા માટે અનામત ક્વોટા વધારવાનો નિર્ણય લીધો છે. તેના માટે રાજ્ય કેબિનેટે અન્ય પછાત વર્ગની અલગ શ્રેણી બનાવવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં અત્યારે ૫૬ ટકા અનામત છે.

વોક્કાલિગા અને પંચમસાલી લિંગાયત માટે ઓબીસી યાદીમાં ૨સી અને ૨ડી શ્રેણી બનાવાઇ છે. તેનાથી અત્યારે ૩એમાં સામેલ વોક્કાલિગા અને ૩બ્માં સામેલ પંચમસાલી લિંગાયત ૨સી અને ૨ડી શ્રેણીઓમાં સામેલ થશે. જોકે સ્થાયી પછાત વર્ગ પંચના અંતિમ રિપોર્ટ સુધી આ શ્રેણીઓને કેટલી અનામત મળશે તે અંગે સ્પષ્ટતા નહીં થાય.

સરકારી સૂત્રોનુસાર ઓછામાં ઓછા ૨થી ૩ ટકા સુધી અનામતમાં વધારો થઈ શકે છે. તે માત્ર શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અને નોકરીઓ માટે છે. બંને સમુદાયોનો રાજ્યમાં સારો પ્રભાવ છે અને તેઓ ચૂંટણીનાં પરિણામો નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. દક્ષિણમાં વોક્કાલિગાનું બિનઅનામત ૫૦થી ૬૦ સીટો પર અને ઉત્તર, મધ્ય કર્ણાટકમાં ૧૦૦ સીટો પર લિંગાયતનો પ્રભાવ છે. ૨૦૧૮ની ચૂંટણીમાં રાજ્ય વિધાનસભાની ૨૨૪માંથી લગભગ અડધી સીટો આ બંને સમુદાયો પાસે હતી.

લિંગાયત ત્રણ દાયકાથી ભાજપને સમર્થન આપે છે પરંતુ વોક્કાલિગા કોંગ્રેસ અને જેડીએસને સમર્થન આપે છે. ભાજપે એક જ દાવમાં પોતાની વોટબેંક મજબૂત કરવા ઉપરાંત વિપક્ષની ચિંતા પણ વધારી છે. રાજ્યમાં ભાજપની જનસંકલ્પ યાત્રા અંતર્ગત શુક્રવારે રેલીમાં ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ અને જેડીએસને પરિવારવાદી અને ભ્રષ્ટ પાર્ટી ગણાવી હતી. ભાજપને સમર્થન આપીને ડબલ એન્જિન સરકાર ચૂંટવા માટે કહ્યું હતું.

## આગ્રા કોર્પોરેશને પ્રોપર્ટી ટેક્સ બાબતે નોટિસ પાઠવી

આગ્રા,તા.૩૧

આગ્રા મ્યુનિસિપલ કોર્પોરેશને તાજમહેલને એક કરોડ રૂપિયાથી વધુની નોટિસ મોકલી છે. નોટિસમાં હાઉસ ટેક્સ, વોટર ટેક્સ અને ગટર ટેક્સ વગેરેનો સમાવેશ થાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પુરાતત્વ વિભાગના અધિકારીઓને માત્ર હાઉસ ટેક્સના નામે લગભગ ૧.૫ લાખ રૂપિયાની નોટિસ મોકલવામાં આવી છે. નોટિસમાં આ હાઉસ ટેક્સ ૧૫ દિવસમાં જમા કરાવવા માટે કહેવામાં આવ્યું છે. જો ૧૫ દિવસમાં ટેક્સ જમા નહીં થાય તો તાજમહેલને જપ્ત કરવાની ચેતવણી આપવામાં આવી છે.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, આગ્રાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈંદ્વક્ષ્ંર્દ્બક્ષ્ંક્ર મેમોરિયલને હાઉસ ટેક્સ નોટિસ પણ મોકલવામાં આવી છે. આ નોટિસ એતમાદૌલા ફોરકોર્ટના નામે સંરક્ષિત સ્મારક એતમાદૌલાને મોકલવામાં આવી છે. આ સંદર્ભે ભારતીય પુરાતત્વ વિભાગના અધિક્ષક ડો.રાજકુમાર પટેલને પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે, તાજમહેલ અને ખતમદદૌલા અંગે મોકલવામાં આવેલી નોટિસનો જવાબ આપીને સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવશે.

આ બાબતે મ્યુનિસિપલ કમિશનર નિખિલ ટી ફંડેએ કહ્યું કે મને તાજમહેલ સંબંધિત કર સંબંધિત કોઈ કાર્યવાહીની જાણ નથી. ટેક્સની ગણતરી માટે કરવામાં આવેલા રાજયવ્યાપી ભૌગોલિક માહિતી સિસ્ટમ સર્વેક્ષણના આધારે નવી નોટિસ જારી કરવામાં આવી રહી છે.તેમણે કહ્યું કે સરકારી ઈમારતો અને ધાર્મિક સ્થળો સહિત, લાંબા લેણાંના આધારે નોટિસ આપવામાં આવી છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણને નોટિસ પાઠવવામાં આવશે તો તેમના તરફથી મળેલા જવાબના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર અને તાજગંજ ઝોનના પ્રભારી સરિતા સિંહે જણાવ્યું હતું કે તાજમહેલ પર પાણી અને પ્રોપર્ટી ટેક્સ માટે આપવામાં આવેલી નોટિસના મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

સ્મારકના પરિસરમાં લીલોતરી જાળવવા માટે પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. અમને પહેલીવાર આવી નોટિસ મળી છે, ભૂલથી મોકલી દેવામાં આવી હશે. છજીૈં અધિકારીઓનું કહેવું છે કે તાજમહેલને ૧૯૨૦માં સંરક્ષિત સ્મારક જાહેર કરવામાં આવ્યો હતો. બ્રિટિશ શાસન દરમિયાન પણ સ્મારક પર કોઈ કર કે પાણી વેરો લાદવામાં આવ્યો ન હતો.

## ૧૦ વર્ષ સુધી સફાઈ કામદાર તરીકે કામ કરનાર મહિલા ડેપ્યુટી મેયર બન્યા

ગયા,તા.૩૧

ગયા નગર નિગમની ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે. અને ચીફ કાઉન્સિલર તરીકે વીરેન્દ્ર પાસવાન અને ડેપ્યુટી ચીફ કાઉન્સિલર તરીકે ચિંતા દેવીની જીત થઈ છે.

ગયા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ચિંતા દેવી સિવાય ૧૦ વધુ ઉમેદવારો આ વખતે ડેપ્યુટી મેયરના ઉમેદવાર તરીકે મેદાનમાં હતા. પરંતુ ચિંતા દેવી રેકોર્ડ મતોથી જીતીને ડેપ્યુટી મેયરનું પદ સંભાળશે.

ચિંતા દેવીને કુલ ૫૦૪૧૭ વોટ મળ્યા જ્યારે બીજા ઉમેદવારને ૩૪૭૫૪ વોટ મળ્યા. આ રીતે ચિંતા દેવી લગભગ ૧૬૦૦૦ મતોથી જીત્યા.

જો ચિંતા દેવીની વાત કરીએ તો તે છેલ્લા ૪૦ વર્ષથી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતી હતી. કચરો ઉપાડવાનું અને ઝાડુ પાડવાનું કામ કરતા. પરંતુ આ વખતે ગયા મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયરના પદની અનામતને કારણે ચિંતા દેવીએ ચૂંટણી મેદાનમાં મેદાન માર્યું અને જનતાના સંપૂર્ણ સમર્થન સાથે વિક્રમી મતોથી જીત મેળવી. સમગ્ર મહાનગરપાલિકાના સફાઈ કામદારો ઉપરાંત શહેરની જનતાએ તેમને ખૂબ સાથ આપ્યો હતો. ચિંતા દેવીને મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ અને સફાઈ કામદારો ઉપરાંત વિવિધ રાજકીય પક્ષોનો ટેકો મળ્યો હતો.

ચિંતા દેવીએ કહ્યું કે યુનિયનના લોકોએ સમર્થન આપ્યું અને ચૂંટણી લડવાની વાત કરી અને લોકોએ સંપૂર્ણ સમર્થન આપ્યું. પૂર્વ ડેપ્યુટી મેયર મોહન શ્રીવાસ્તવે પણ ટેકો આપ્યો હતો. અગાઉ તે ૪૦ વર્ષથી મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે કામ કરતી હતી. તેમણે દાવો કર્યો હતો કે તેઓ આગામી દિવસોમાં ગયા શહેરનો ચહેરો બદલી નાખશે અને દરેક ગલીમાં ગટર અને રસ્તાઓ બનાવશે. કચરો પણ નિયમિત ઉપાડવામાં આવશે.

કહો કે ગયા નગર નિગમના ૫૩ વોર્ડ કાઉન્સિલર, ચીફ કાઉન્સિલર અને ડેપ્યુટી ચીફ કાઉન્સિલરની મતગણતરી આજે થઈ હતી, જે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. ગયા કોલેજમાં મતગણતરી માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. વોર્ડ કાઉન્સિલર માટે ૨૬૯ ઉમેદવારો જ્યારે ચીફ કાઉન્સિલર માટે ૨૯ અને ડેપ્યુટી ચીફ કાઉન્સિલર માટે ૧૧ ઉમેદવારો મેદાનમાં હતા.

## વાહન અકસ્માતના ક્લેમ માટે પોલીસ સ્ટેશનમાં ખાસ યુનિટ બનાવોઃ સુપ્રીમ

નવીદિલ્હી,તા.૩૧

સુપ્રીમ કોર્ટે રાજ્યોને વાહન અકસ્માતના ક્લેમ સંબંધી કેસોમાં તપાસ અને વીમાની રકમ ચૂકવવા માટે પોલીસ સ્ટેશનમાં ખાસ યુનિટ તૈયાર કરવા જણાવ્યું છે. કોર્ટે જણાવ્યું હતું કે, જાહેર સ્થળે વાહન દ્વારા રોડ અકસ્માતની સૂચના મળ્યા પછી સંબંધિત અધિકારીએ મોટર વ્હિકલ એમેન્ડમેન્ટ એક્ટની કલમ ૧૫૯ હેઠળ પગલાં લેવા જરૂરી છે.જેના ભાગરૂપે પોલિસે ત્રણ મહિનામાં ક્લેમ્સ ટ્રિબ્યુનલમાં એક્સિડન્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ ફાઈલ કરવાનો રહેશે.જસ્ટિસ એસ એ નઝીર અને જે કે મહેશ્વરીની બેન્ચે જણાવ્યું હતું કે, 'અમારા મતે રાજ્યના ગૃહ વિભાગના વડા અને તમામ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશોના ડિરેક્ટર જનરલ ઓફ પોલિસે પોલિસ સ્ટેશન્સમાં ખાસ યુનિટની રચના પછી નિયમોનું પાલન નિશ્ચિત કરવું જરૂરી છે.' સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, હ્લૈંઇની નોંધણી પછી તપાસ અધિકારીએ ક્લેમ્સ ટ્રિબ્યુનલને ૪૮ કલાકમાં 'ફર્સ્ટ એક્સિડેન્ટ રિપોર્ટ' સુપરત કરવો જરૂરી છે.

બેન્ચે તાજેતરના ચુકાદામાં જણાવ્યું હતું કે, 'વાહનના રજિસ્ટ્રેશન, ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહનની ફિટનેસ, પરમિટ અને અન્ય સંબંધિત મુદ્દાની ચકાસણી કરવી એ નોંધણી અધિકારીની ફરજ છે. તેણે ક્લેમ્સ ટ્રિબ્યુનલને ક્લેમ સોંપતા પહેલાં પોલિસ અધિકારી સાથે ચર્ચા કરવી જરૂરી છે. નિયમોમાં જણાવ્યા અનુસાર ફ્લો ચાર્ટ અને અન્ય તમામ દસ્તાવેજ પ્રાદેશિક ભાષા અથવા ઈંગ્લિશમાં હોવા જરૂરી છે. તેને નિયમ મુજબ પૂરા પાડવાના રહેશે.' સુપ્રીમ કોર્ટે રાજ્યના સત્તાવાળાને મોટર વ્હિકલ્સ એમેન્ડમેન્ટ એક્ટની જોગવાઈઓ અને નિયમોના પાલન માટે સંયુક્ત વેબ પોર્ટલ કે પ્લેટફોર્મ વિકસાવવા જરૂરી પગલાં લેવાનો નિર્દેશ કર્યો હતો

## રાજસ્થાનમાં કોંગ્રેસ અનુશાસનમાં છે એક છે : રાજસ્થાનના પ્રભારી સુખજિંદર સિંહ રંધાવા

જયપુર,તા.૩૧

કોંગ્રેસના રાજસ્થાનના પ્રભારી સુખજિંદર સિંહ રંધાવાએ કહ્યું કે રાજસ્થાનમાં પુરી પાર્ટી અનુશાસનમાં છે અને એકજુથ છે આ સાથે જ પાર્ટી નેતાઓ અને પદાધિકારીઓને ધૈર્ય બનાવી રાખવાની સલાહ આપતા તેમણે કહ્યું કે પાર્ટી ઈમાનદારીથી કામ કરનારાઓને સમ્માન જરૂર આપે છે. રંધાવાએ કહ્યું કે જયપુરમાં પાર્ટીના અધિવેશનમાં તમામ વકતાઓએ સંગઠનની મજબુતી પર જોર આપ્યું હતું હરેક વક્તાઓએ કહ્યું કે સંગઠન મજબુત હશે તો કોંગ્રેસ મજબુત થશે સંગઠન મજબુત હશે તકો કોંગ્રેસ સત્તામાં પાછી આવશે



રંધાવાએ કહ્યું કે અનુશાસન તો કોગ્રેસમાં હોવું જ જોઇએ અનુશાસનની વિના કોઇ ઘર પણ ચાલી શકે નહીં કોંગ્રેસ તો ખુબ મોટી પાર્ટી છે તો અનુશાસન તો રહેશે. તેમણે કહ્યું કે જો અનુશાસન હશે નહીં તો આ અધિવેશનમાં અવાજ ઉઠત પરંતુ પુરી પાર્ટી અનુશાસનમાં અને એકજુથ છે. તેમણે પાર્ટી પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને ધૈર્ય રાખવાની સલાહ આપતા રંધાવાએ કહ્યું કે આપણે હોદ્દા માટે કામ કરવું જોઇએ નહીં આપણે પાર્ટીને પહેલા રાખવી જોઇએ ધૈર્ય રાખવું જોઇએ.પાર્ટી ગંભીરતાથી કામ કરનારાઓને સમ્માન જરૂર આપે છે.

રંધાવાએ કહ્યું હતું કે રાજસ્થાનમાં સગઠનમાં સંગઠનાત્મક સ્તર પર બાકી જીલાધ્યક્ષોની નિયુક્તિ તાકિદે કરવામાં આવશે.રાજય સરકારની મહત્વાકાંક્ષી યોજનાઓની રંધાવાએ પ્રશંસા કરી પરંતુ સાથે જ કહ્યું કે રાજસ્થાનમાં યોજનાઓનો જે પ્રચાર પ્રસાર થવો જોઇએ તેમાં કમી છે.આપણે જે કામ કર્યું છે તેને જનતાની વચ્ચે લઈ જવું પડશે.આપણે તેમને જણાવવું પડશે કે ખોટું બોલનારી કેન્દ્ર સરકારથી વધુ કામ રાજસ્થાન સરકારમાં થયું છે.જે યોજનાઓ કેન્દ્ર સરકાર લાગુ કરી શકી નથી તેને રાજસ્થાનમાં ગહલોત સરકારે કરી બતાવ્યું છે.

# તંત્રી લેખ

## ઉપયોગી ચૂંટણી સુધાર

ભારતીય ચૂંટણી પંચે ઘરેલુ પ્રવાસી મતદારો માટે રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન વિકસિત કરીને એક સારી પહેલ કરી છે. આવી કોઈ પહેલની જરૂરિયાત એટલા માટે હતી, કારણ કે એક મોટી સંખ્યામાં લોકો કામધંધા માટે પોતાના વતનથી દૂર રહેતા હોય છે. સમયની સાથે એવા લોકોની સંખ્યા વધતી જાય છે. એવા કરોડો લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ નથી કરી શકતા, કારણ કે સેંકડો કિલોમીટરની યાત્રા કરીને પોતાના ગામ-ઘરે વોટ નાખવા જવું સુવિધાજનક પણ નથી હોતું અને પરવડે તેવું પણ નથી હોતું. એક અનુમાન અનુસાર લગભગ ૩૦ કરોડ મતદારો વોટ આપવાથી વંચિત રહી જાય છે. હવે એવા મતદારો માટે રિમોટ ઈવીએમ કોઈ વરદાનથી ઓછું નહીં હોય. સમયની સાથે આ ઈવીએમનો લાભ બીમાર અને બુઝુર્ગ પણ ઉઠાવી શકે છે અને મતદાનના દિવસોમાં યાત્રા કરનારા લોકો પણ. એનાથી મતદાનમાં એ બધા લોકોની ભાગીદારી વધશે, જેઓ વોટ આપવાની ઈચ્છા ધરાવતા હોવા છતાં પણ એવું નથી કરી શકતા. બહુ જ સંભવ છે કે એનાથી ઓછા મતદાનની સમસ્યાનું પણ સમાધાન થશે. નિઃસંદેહ રિમોટ ઈવીએમને લઈને લોકોની પ્રતિક્રિયા ઉત્સાહજનક હોવી જોઈએ. જોવાનું એ છે કે આ ઈવીએમ પર રાજકીય પક્ષો પોતાની કેવી અને શી પ્રતિક્રિયા આપે છે? યોગ્ય એ રહેશે કે તેઓ નીર-ક્ષીર રીતે પોતાની પ્રતિક્રિયા આપે અને નકારાત્મકને બદલે સકારાત્મક વલણ અપનાવે. આ અપેક્ષા એટલા માટે, કારણ કે કેટલાક રાજકીય પક્ષો ઈવીએમને લઈને સવાલ ઉઠાવવા ટેવાઈ ગયા છે. એ સારું છે કે તેમની આ આદત હાલના હિમાચલ અને ગુજરાત વિધાનસભા ચૂંટણીઓ દરમ્યાન જોવા નથી મળી.

રિમોટ ઈવીએમનું અસ્તિત્વમાં આવવું ચૂંટણી સુધારની દિશામાં એક માઈલસ્ટોન છે. ચૂંટણી પંચ પાસે એ અપેક્ષિત છે કે તે રિમોટ ઈવીએમ બાદ અન્ય પડતર ચૂંટણી સુધારાની દિશામાં ઝડપથી આગળ વધે. આ સુધાર ન માત્ર મતદાનમાં વધુને વધુ લોકોની ભાગીદારી વધારનારા હોવા જોઈએ, બલ્કે અયોગ્ય સાધનોનો ઉપયોગ રોકવા અને સાથે જ રાજનીતિના અપરાધીકરણ પર અંકુશ લગાવનારા પણ. તેની અવગણના ન કરવી જોઈએ કે તમામ ઉપાયો બાદ પણ ચૂંટણીઓમાં અયોગ્ય સાધનોનો ઉપયોગ વધતો જાય છે. લોકોને પ્રલોભન આપીને અને હવે તો સીધેસીધા રૂપિયા વહેંચીને લોકોના વોટ મેળવવાની કોશિશ સામાન્ય થઈ ગઈ છે. અપરાધિક છબિ ધરાવતા લોકોને ચૂંટણી લડતાં રોકવા પણ ચૂંટણી પંચની પ્રાથમિકતામાં હોવું જોઈએ. જોકે ચૂંટણી પંચ એક લાંબા સમયથી તેના માટે કોશિશ કરી રહ્યું છે, પરંતુ તે એટલા માટે સફળ નથી થઈ શકતું, કારણ કે રાજકીય પક્ષો તેનાં સૂચનો અપનાવવા તૈયાર નથી. રાજકીય પક્ષો આગળ ચૂંટણી પંચનું એટલા માટે કશું ચાલતું નથી કે તેની પાસે પૂરતા અધિકારો નથી. યોગ્ય એ રહેશે કે આ મામલે સુપ્રીમ કોર્ટ ચૂંટણી પંચની સહાયતા કરે અને તેને જરૂરી અધિકારોથી સજ્જ કરવાની આવશ્યકતા સમજે.

## ભાજપ દ્વારા લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે સંગઠનમાં ફેરફારની કવાયત, કમૂરતા પૂર્ણ થયા બાદ ફેરફાર



અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં રાજયમાં વિજય પરચમ લહેરાવ્યા બાદ ભાજપે લોકસભાની ચૂંટણી માટે કમર કસી છે અને સંગઠનમાં ફેરફારની કવાયત હાથ ધરી છે. ભાજપે સ્થાનિક સ્તરે લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈ મોટા ફેરફારની કવાયત હાથ ધરી છે. પ્રાથમિક અહેવાલો મુજબ રાષ્ટ્રીય સંગઠન અને સરકારમાં કમૂર્હુતા બાદ મોટા ફેરફાર થશે. નોંધનીય છે કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાનો કાર્યકાળ ૨૦ જાન્યુઆરીએ પૂર્ણ થઈ રહ્યો છે આથી ભાજપને લોકસભાની ચૂંટણી પહેલા નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળી શકે છે.

ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે ભૂપેન્દ્ર યાદવ, ધર્મેન્દ્ર પ્રધાન, નરેન્દ્રસિંહ તોમરનું નામ રેસમાં આગળ છે. તો ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણીને નવા અધ્યક્ષની ટીમમાં સ્થાન મળી શકે છે. કેન્દ્ર સરકારમાં પણ ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને કેટલાક ફેરફાર થવાની શક્યતા છે જેમાં ગુજરાતના કેટલાક પ્રધાનોને પડતાં મુકવામાં આવી શકે છે તો ગુજરાતના કેટલાકલોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભાજપની નબળી બેઠકોની સંખ્યા વધી છે. ભાજપે નબળી બેઠકોની સંખ્યા ૧૪૪થી વધારીને ૧૬૦ કરી છે. પાર્ટી આ બેઠકો પર પાર્ટીની લોકસભા સંપર્ક યોજના હેઠળ કામ કરશે. આ માટે પાર્ટીએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ૨૧ ડિસેમ્બરે પટનામાં ૨ દિવસ માટે ભાજપનો વિસ્તાર પ્રશિક્ષણ શિબિર આયોજિત કરવામાં આવી હતી. .

અગાઉ, પાર્ટીએ ૨૦૨૪ લોકસભા ચૂંટણી માટે ૧૪૪ બેઠકોની ઓળખ કરી હતી, જે જીતની દ્રષ્ટિએ નબળી બેઠકો હતી. બિહારમાં જેડીયુ સાથે ગઠબંધન તોડ્યા બાદ બિહારમાં નબળી બેઠકોની સંખ્યા ૪થી વધારીને ૧૦ કરી દેવામાં આવી છે. ભાજપની નબળી બેઠકો નવાદા, વૈશાલી, વાલ્મિકી નગર, કિશનગંજ, કટિહાર, સુપૌલ, મુંગેર, ઝાંઝરપુર, ગયા અને પૂર્ણિયા છે. તો પાર્ટીના વિસ્તરણ માટે ૨૮ ડિસેમ્બરે હૈદરાબાદમાં તાલીમ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મૂળભૂત રીતે આ પ્રચારકો દક્ષિણ ભારતીય રાજ્યોમાં પક્ષ દ્વારા ઓળખાયેલી ૬૦ લોકસભા બેઠકો પર પૂર્ણ સમયના કાર્યકરો તરીકે કામ કરશે. આ સાથે, લોકસભા સ્થળાંતર કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકારના મંત્રીઓ અને પક્ષના અધિકારીઓનો રાત્રિ સ્થળાંતર કાર્યક્રમ ફરી એકવાર શરૂ કરવામાં આવશે અને તેના માટે શેડ્યૂલ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

# આન્યા મૃણાલ .....પ્રકરણ / ૨૩




મૃણાલનો વિકાસ સમયની પાંખે વિસ્તરતો હતો. મોટી થતી જતી આન્યા ગૂગલ ઉપર મમ્મીનો વિકાસ જોતી અને પપ્પા સાથે સરખામણી કરતી તો તેને મમ્મી ઘણી આગળ દેખાતી હતી. ઘરમાં કદી મૃણાલની ચર્ચા થતી નહીં પણ, જ્યારે થાય ત્યારે બે ભાગલા તરત જ પડી જાય એક બાજુ દાદા અને આન્યા અને બીજી બાજુ માધવીબહેન અને પપ્પા.

આન્યાનું બાળપણ અત્યંત અસલામત, અવઢવભર્યુ અને અણસમજમાં જ વીત્યું. દાદાજીનાં અથાક સમજાવવા છતાંય એનું બાળમાનસ એ સ્વીકારવા તૈયાર થતું જ નહોતુ કે જે મમ્મી એને પળવાર પણ એકલી છોડતી નહોતી એ એને આમ કહ્યા વગર જતી રહે? પપ્પા અને દાદી તો હંમેશા એમ જ કહેતાં કે, મમ્મીને દીકરી કરતાં પોતાનામાં જ વધારે રસ હતો. કેવા કેવા શબ્દો વાપરતાં? “મમ્મીને નામ કમાવવું હતું, છાપાઓમાં ફોટા આવે એવું બધુ ગમતું હતું એટલે એને અહીં રહેવું નહોતું”. સમજણ નહોતી પડતી કે કોની વાત સાચી માને? પણ એક હકિકતનો તો સ્વીકાર કર્યે જ છૂટકો હતો કે, સાચે જ એની મમ્મા એને મૂકીને જતી તો રહી છે જ અને એ પણ ક્યાંય દૂર. ખબર નહીં ક્યારે પાછી આવશે? અરે પાછી આવશે કે કેમ એનીય ક્યાં ખબર છે છતાં, ય મમ્મી માટે કશું ખોટું સાંભળી પણ શકતી નહીં.

ક્યારેક કૈરવ આન્યાને ચીઢવતો અને કહેતો પણ ખરો “તું તો મમ્મીની છોકરી જ નથી.. તને તારી મમ્મા કોઈ જ વર્ષગાંઠ ઉપર યાદ નથી કરતી અને તું જ આખો દિવસ તારી માને યાદ કર્યા કરે છે.”

આન્યા થોડીક ઝંખવાઈને કહેતી પણ ખરી.. “હું જ્યારે સૂઈ જાઉ છું ને ત્યારે મારી મોમ પરી બનીને મારે માથે હાથ ફેરવી જાય છે. એ મને આકાશમાંથી જુએ છે.”

“પરી? માય પુઅર ચાઈલ્ડ, આ પરીકથાઓ કહી કહીને જ તારી મમ્મીએ તને ધોળા દિવસે તારા દેખાડ્યા છે. કોઈ પરી-બરી હોતી નથી નહીંતર આવીને તને સાથે લઈ ના જાત?”

કૈરવને સમજણ પડતી નહોતી કે આન્યાના મન પરથી મૃણાલનું ભૂત કેવી ઉતારવું. એને એટલી પણ ખબર પડતી નહોતી કે નાનકડી આન્યા સાથે દલીલો કરીને એની મમ્મી માટે કંઈ પણ સાચી ખોટી વાતો ઉપજાવવાના બદલે એની સાથે પ્રેમથી, હેતથી કે વિશ્વાસમાં લઈને એને પોતાની કરી શકાય પણ, એ તો કૈરવના સ્વભાવમાં જ નહોતુ ને? કોઈને પ્રેમથી પોતાના કરી શકાતા હોત તો મૃણાલને પણ ગુમાવાના દિવસો ના આવ્યા હોત ને?

સ્કૂલના કેટલાય દિવસો એવા હતા કે પેરન્ટ્સ મીટિંગ પણ અજયભાઈએ જ એટેન્ડ કરી હોય. સમય જતા આન્યાએ પણ પોતાની ખુદની દુનિયા વસાવી લીધી હતી જેમાં એ, એના દાદાજી અને મમ્માની અઢળક વાતો હોય. આન્યાને હંમેશા મમ્માની વાતો સાંભળવી ગમતી. ક્યારેક દાદાજી તો ક્યારેક રામજીકાકાને એ સવાલો કર્યા કરતી એટલેથી એને સંતોષ ન થાય તો ક્યારેક નાની-નાનાને ફોન કરીને પૂછતી પણ, ત્યારે કૈરવ ખૂબ જ ખીજાતો. કહેતો કે, તારી માને તું એકલી છોકરી ઓછી છે? તેની બીજી બે છોકરીઓ છે. એક પીંછી અને બીજી કલમ. તું એની પ્રાયોરિટી ક્યારેય હતી જ નહીં”

માધવીબહેન પણ પલિતો ચાંપતાં બોલતાં “ સાચી વાત છે તારા પપ્પાની. તારા માટે એણે ક્યારેય કશું લખ્યું છે? કશું ચિતર્યુ છે?”

ધુંધવાયેલી, છંછેડાયેલી આન્યા એક ધારદાર નજરે એ દાદી સામે જોઈને પપ્પા સામે અકળાઈને બોલી ઉઠતી.

“સ્ટોપ ઈટ, પાપા” અને પછી તો આન્યાને ક્યારેય પપ્પા કે દાદી સાથે વાત કરવાની ઈચ્છા થતી જ નહીં..

બાળપણની સરહદો વળોટીને ટીન એજમાં પ્રવેશી ચૂકેલી આન્યાની દુનિયામાં એના પપ્પા કે દાદીનું કોઈ સ્થાન હતું જ નહીં. આમ પણ નાનપણથી એના મનોજગતમાં આપોઆપ એની મમ્મા જેવા બનવાના સપનાઓ આકાર લેવા માંડ્યા હતાં એ હવે કોઈ ચોક્કસ આકાર ધારણ કરી રહ્યાં હતાં. આન્યાની આંગળીઓ પેપર પર જે સિફતથી લસરકા લેવા માંડતી એ જોઈને અજયભાઈનાં મનમાં ફડક ઊભી થતી અને કૈરવના મનમાં લાવાપ.

ક્યારેક કૈરવ હળવેથી કહેતો “હવે તું મારી સાથે ઑફીસે આવ. એટલો તો તું મને ટેકો કર.. આ બધો ધંધો તમારે જ સંભાળવાનો છે ને મીસ આન્યા શેઠ?”

આલેખનઃ વિજય શાહ

# ગીતા ભટ્ટનું પુસ્તક ‘વાત્સલ્યની વેલી’ નું વિમોચન

આ વર્ષના અંતિમ ચરણમાં અમેરિકા સ્થિત લેખિકા ગીતા ભટ્ટનાં પુસ્તક ‘વાત્સલ્યની વેલી’ નું વિમોચન અમદાવાદમાં થયું. મહત્વની વાત એ હતી કે એમનું પ્રથમ પુસ્તક “અમેરિકાથી અમદાવાદ “કાવ્ય સંગ્રહનું એક દાયકા અગાઉ જે સ્થળેથી લોકાર્પણ થયેલ એ જ સ્થળેથી - અમદાવાદના ગુજરાત વિશ્વકોશ ભવનમાંથી આ પુસ્તકનો જન્મોત્સવ ઉજવાયો




શનિવાર , તારીખ ૧૯/૧૧/૨૦૨૨ ના રોજ ગુજરાતી વિશ્વકોથ ભવન ખાતે અમેરિકા નિવાસી લેખિકા ગીતા સુભાષ ભટ્ટના પુસ્તક ‘વાત્સલ્યની વેલી‘ પુસ્તકનું લોકાર્પણ ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને કવિયત્રી ડૉ. ઉષાબેન ઉપાધ્યાયના હસ્તે થયું.

વિદ્વાન વક્તાઓ ભાગ્યેશભાઈ, ઉષાબહેન અને કૃષ્ણ દવેએ આ પુસ્તકનું લોકાર્પણ કરતાં ગીતાબેનની બાલ ઉછેરની અંતર્ગત વાતોની છણાવટ કરી હતી ; કે જે વિષય ઉપર આ પુસ્તક લખાયું છે . અમદાવાદમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર આ લેખિકાએ અમેરિકા જઈને પોતાની કેરિયર બાળશિક્ષણ બાળ સંભાળ અને ઉછેર માં કેવી રીતે બનાવી એની રોમાંચક અને શિક્ષણની પોતાની આગવી ફિલોસોફી અને છેવટે મળેલ નેશનલ સન્માનની વાતો આ વાત્સલ્ય વેલીમાં છે .

લોસએન્જલસ સ્થિત લેખિકા ગીતાબહેને ભાવવિભોર બની આ પુસ્તકની અને પુસ્તકમાં ન લખેલ પ્રસંગો પણ એમની આગવી શૈલીમાં કહીને કાર્યક્રમને રોચક અને જ્ઞાનપ્રદ બનાવ્યો.

શ્રી. સુભાષ ભટ્ટે ખૂબ મજેદાર શૈલીમાં વેલીના વાવેતરની વાત કરી અને પ્રાપ્ત થયેલ પ્રતિભાવો સંભળાવ્યા. સાથે તેમની લેખન સફરની પૂર્વ ભૂમિકા રજૂ કરી.

શિક્ષણને સમર્પિત શિક્ષકોના પ્રશ્નોને વાચા આપતું અચલા મેગેઝીન અને ફાઉન્ડેશન તરફથી ગીતાબહેન અને સુભાષભાઈને મેનેજિંગ ટ્રસ્ટી મફતભાઈ પટેલના હસ્તે ; lifªime achievement એવોર્ડ એનાયત થયો : “અમેરિકામાં રહીને બાળ શિક્ષણ ઘડતરમાં અમૂલ્ય પ્રદાન સાથે ગુજરાતી ભાષા સંવર્ધન અને લોસ એન્જલ્સમાં જીવન સંધ્યાએ વડીલોને ‘ઓટલો ‘ સંસ્થા દ્વારા હૂંફ આપવાના પ્રસંશીય કાર્ય બદલ lifªime achievement yuðkuzo” મફતભાઈએ જણાવ્યું . સાનફ્રાન્સિસ્કો સ્થિત ‘બેઠક‘ તરફથી ગીતાબહેનને આ પુસ્તકનાં પ્રાગટ્ય પ્રસંગે પુષ્પગુચ્છ અને રોકડ પુરસ્કાર દ્વારા સન્માનિત કરાયાં.

આ સુંદર કાર્યક્રમનું સંચાલન દધીચિ ઠાકરે કર્યું . ઔડાના નિવૃત્ત એક્ઝિક્યુટિવ એન્જીનીયર શ્રી અતુલભાઈ પાઠકે આભાર વિધિ કરી હતી . કાયક્રમને અંતે સ્વરુચિ ભોજનનું આયોજન થયેલ. પુસ્તક વેચાણની સમગ્ર રકમ અને બેઠક તરફથી મળેલ રોકડ પુરસ્કાર અંધ જન મંડળને અર્પિત કરવામાં આવી હતી . આ કાર્યક્રમમાં સવા સો જેટલાં સાહિત્યરસિકો, ગણમાન્ય કવિઓ અને સાહિત્યકારોએ હાજરી આપી હતી.

# ‘વત્સલયની વેલી’ સંવેદનાસભર અનુભવકથા : મનસુખ સલ્લા

(મનસુખભાઈ સલ્લા : ,ગાંધી વિચારસરણીને વરેલ , લેખક , સાહિત્યકાર , શિક્ષણશાસ્ત્રી . ગુજરાતી સાહિત્ય એકાડમી એવોર્ડી )

અનેક ગુજરાતીઓ અને ભારતીયો સુખની શોધમાં અમેરિકા જતાં હોય છે . કેવળ ભૌગોલિક વાતાવરણ જ નહિ , સામાજિક , આર્થિક અને સંબંધનું વાતાવરણ લગભગ બદલાઈ જાય એવી સ્થિતિમાં પગલે પગલે સંઘર્ષ કરવો પડતો હોય છે . એના સારા માઠા અનેક અનુભવો હોય છે . રૂબરૂમાં એની વાતો અનેક લોકો કરે છે . પરંતુ એને લખીને ગ્રંથ રૂપે મુકવાનું ગીતા સુભાષ ભટ્ટ જેવાં થોડા લોકો કરે છે . બેઠક નામના સાહિત્યિક જૂથે તેમને આવી તક આપી .

ગીતાબહેનનો ઉછેર અને લગ્ન અમદાવાદ - જામનગરમાં . પતિ સુભાષભાઈ એન્જીનિયર, પોતે વ્યાખ્યાતા .અમેરિકા બે બાળકો સાથે પહોંચ્યાં. અને તેમને બાળઉછેર , બાળમાનસ , અમેરિકાની શિક્ષણ પ્રણાલી , બે સમાજનો સાંસ્કૃતિક તફાવત , માન્યતાઓ અને રંગભેદનો અનુભવ થયો . હારની ધાર પર પહોંચીને પાછાં બેઠા થવું , નવા નવા સંકલ્પો અને તેની સિદ્ધિ , નવું શીખવાની તત્પરતા અને અજાણપણાથી થતાં સાહસો , અને એ સઘળાની વચ્ચે એક સાચી શિક્ષિકા અને ખરી માતા કેવી રીતે જિંદગીની સાર્થકતા પ્રાપ્ત કરે છે તેની સંવેદન સભર અનુભવકથા એટલે ‘વાત્સલ્યની વેલી’.

પુસ્તકનું શીર્ષક ધ્વનિરૂપે આખા પુસ્તકમાં વ્યાપેલું છે . આ વાત્સલ્યની , સ્નેહની , ભર્યા ભર્યા હ્રદયની વેલ , માનવ સંબંધનાં કેવા સોહામણાં , સઁતર્પક અને માનવતાને ઉજાળનારાં પુષ્પો ખીલવે છે એની સતત પ્રતીતિ થાય છે .બેબીસિટીંગ ,ડેકેર સેન્ટરના તેમના અનુભવો વાંચવાનું શરૂ કર્યા પછી વાચક અટકી શકતો નથી , કારણકે બાળકોનાં તેનાં માતા - પિતા કે એકલી માતાનાં, ઝૂરતાં વૃદ્ધોનાં ,શિક્ષિકાઓ અને અધિકારીઓનાં સજીવ ચિત્રો - સાચું કહીએ તો નાખચિત્રો -તેમણે એવી સંવેદનાથી અલેખ્યાં છે કે એક શિક્ષકનાં મથામણ , પ્રયોગો , મૂંઝણો અને એ સઘળાંને પાર કરીને તેમણે ખાધેલ તૃપ્તિનો ઓડકાર અહીં મૂર્ત થાય છે .

પોતાના પુત્ર ખેલનના બેબીસિટીંગના કરુણ અનુભવે અને એક જરૂરિયાતવાળી બહેનના બાળકને થોડા કલાક સાચવવાની કામગીરી બદલ તેમણે મળેલી રકમથી તેમની દિશા ઉઘાડી કે પોતે આવું ઘેરબેઠાં કામ કરી શકે , તેમાં પોતાનાં સંતાનો સરસ રીતે ઉછરી શકે અને કમાણી પણ થાય . પરંતુ માત્ર કમાણી માટે તેઓ પ્રવૃત્ત થયાં હોત તો તેમણે કરેલા પ્રયોગો ,અભ્યાસ , દરેક બાળકની જરૂરિયાતને પોતાના સંતાનની જેમ પારખવી અને તેના ઉપાયો કરવા , ક્યાંક સંવેદનાથી ધસી જવાને કારણે સરકારના નિયમો ન જળવાય તો પણ માનવતાનો નિયમ અખંડ રહે અને એમાં ભારત - અમેરિકાની ભિન્ન સંસ્કૃતિનો ભેદ અને એ બધાંથી ઊર્ધ્વ એવો માનવીય સંબંધ જ અઘરામાં અઘરા પ્રશ્નોમાં માર્ગ કાઢે છે , એ ન બન્યું હોત .



જે હ્રદયથી સાચા શિક્ષક હોય એનું હ્રદય જ અજાણ્યા બાળકો માટે વાત્સલ્યથી દૂઝે. ગીતાબહેનનું માતૃરૂપ આ પચાસ અનુભવ કથાઓમાં મ્હોરતું અનુભવાય છે .

પુસ્તક વાંચતાં એવું પણ લાગે છે કે અનેક બાળકો અને વૃદ્ધોની કથામાં ટૂંકી વાર્તાનાં બીજ પડેલાં છે . ગીતાબહેને શક્ય હોય તો એને વાર્તાસ્વરૂપે પ્રગટ કરવા જોઈએ. આ પુતકમાં સ્નેહથી સાફલ્ય સુધીની સાચી લઘુકથાઓ છે . તેમાં ભાગ્યે જ ઘેરારંગે કાંઈ આલેખાયું છે . જાણે પડખે બેસીને પોતાના અનુભવો કહી રહ્યાં છે .તેમાં પણ તેમનું ભાષાનું બળ અનુભવાય છે . વાર્તારૂપે મુકવામાં એને હકીકતોનું બંધન નહિ રહે . કદાચ બે કથા ભેગી પણ થઇ જાય , અને જે સાંસ્કૃતિક સમસ્યામાંથી અમેરિકન સમાજ અને અનેક દેશમાંથી સુખની ભૂમિમાં આવેલાઓની અંતસ્થ છબીને આલેખવામાં વધુ મોકળાશ રહેશે .પ્રસુતિ પછી માતા નોકરી બચાવવા કામ પર જાય અને મોડી રાત્રે ઘેર આવે ત્યારે ગીતાબહેન પ્રસુતાને શીરો કરીને ખવડાવે કે વૃદ્ધોને માટે વૃદ્ધાશ્રમમાં મિઠાઈ બનાવીને લઇ જાય અને દાદીમાને ભલામણ કરે કે તમે જ ખાજો . કારણકે વૃદ્ધ માતાને મળવા આવનાર પુત્રને મિઠાઈ ખવડાવી દેતાં. આવી અનેક કથાઓ જરાક જ પ્રગટ થઇ છે .

‘વાત્સલ્યની વેલી’માં આલેખાયેલી ઘટનાઓ હકીકત છે . તેમાં હ્રદયસ્પર્શી છે માતા - પિતાના અણબનાવ અને લગ્નવિચ્છેદ પછી એની અસરો ભોગવતાં અણસમજુ બાળકો . જો બાળકોને અમુક કલાક સાચવીને પૈસા કમાવાનો હેતુ હોત તો ગીતાબહેનનું આ પુસ્તક જન્મ્યું ન હોત. તેમનું માતૃહૃદય દરેક બાળકને આત્મવિશ્વાસ , હૂંફ અને મૂંઝવણમાંથી બહાર શક્તિ શૈક્ષણિક માર્ગે આપવા માટે પ્રવૃત્ત થાય છે , જેથી દેશને એક સારો નાગરિક મળે . ફ્રેક્રી કશામાં રસ ન લે . ઊલટો જ પ્રતિભાવ આપે . ગીતાબહેન દરેક બાળકને એની વિશેષતા શોધીને એવોર્ડ આપતાં હતાં. આગલા દિવસ સુધી તેઓ અને શિક્ષિકાઓ શોધી ન શક્યાં કે ફ્રેક્રીને શાને માટે એવોર્ડ આપી શકાય . છેલ્લે તેમને સૂઝે છે કે બધાં બાળકોનાં નામ જાહેર કરવાનું કામ ફ્રેક્રી કરી શકશે . ફ્રેક્રીએ તે કામ સરસ રીતે કર્યું , એ માટે તેને એવોર્ડ અપાયો . આ મથામણ સાચો શિક્ષક જ કરી શકે . એટલે તેઓ કહી શક્યાં છે કે બાળકો સાથે હું પણ ઘણું શીખી છું .

દરેક બાળક મહત્વનું છે , એ યોગ્ય રીતે વિકસે એ ગીતાબહેનની ધખના છે . અને બાળકોનાં પરિવારના પ્રશ્નોને કારણે એમાં સફળ નથી પણ થતાં, નિરૂપાય બની જાય છે . ( એવાં બાળકો પછી ડ્રગ્સ , દારૂ , ચોરી , મારામારીનો રવાડે ચઢી જાય છે ) ત્યારે તેઓ રડ્યાં પણ છે . આ સંવેદનાએ તેમને સતત નવું કરવા , સુધારણા કરવા , જાતને પણ બદલવા પ્રેર્યાં છે .

અમેરિકાના કાયદા કડક છે એમ માર્ગદર્શક પણ છે . ગીતાબહેન પ્રારંભે અજાણ હતાં , પણ નવું શીખવાની તેમની ધગશ અભિનંદનીય છે . એ માટે તેઓ રીતસર અભ્યાસ કરે છે , ડીગ્રી મેળવે છે .

તેની ઘટનાઓ પણ રસપૂર્ણ છે . એ દ્વારા તેઓ જાતને સતત સજ્જ કરતાં રહ્યાં છે . પરંતુ મૂળમાં તો તેમના ઉછેર અને ઘડતરનાં અનેક ઉત્તમ ભારતીય તત્ત્વો પડેલાં છે તે છે . બાળવાર્તાઓ , બાળગીતો , બાળરમતો નાં વર્ણનમાં એ પ્રગટ થાય છે. મને હતું કે આ પુસ્તકમાં મેડમ મોન્ટેસોરી અને ગિજુભાઈ બધેકાનું નામ અને કામનો ઉલ્લેખ આવશે . અમેરિકામાં પછીના કેળવણીકારો અને સંશોધકોને વધુ મહત્વ અપાતું હશે . પણ આ બન્નેનું કામ અવશ્ય માર્ગદર્શક છે .

ગીતાબેન અને સુભાષભાઈ કમાવા માટે અને સુખની જિંદગી મેળવવા અમેરિકા ગયાં હતાં .

પરંતુ તેમણે અમેરિકાના સમાજ અને જિંદગીને ઊઘાડી આંખે અને પૂર્વગ્રહરહિત રીતે જોયાં છે . કેવળ ભારતભક્તિ નથી કરી . એમાં ફરી ફરીને જે સમસ્યાઓ સામે આવી છે તેનાં મૂળમાં તૂટેલું કે બટકણું કુટુંબ જીવન છે . અને માતૃહૃદય બધે સમાન હોય છે .

અનેક બાળકોની ઘટનાઓમાં એકલ ઝૂઝતી માતાઓની મૂંઝવણોને તેમણે નિખાલસપણે આલેખી છે . ‘એક્ઝિટ ઈન્ટરવ્યૂ’ની તેમની રચના તેઓ પોતાનાં દ્રષ્ટિકોણ , માન્યતા કે ગોઠવણને ફરી ફરી તપાસવા માટે ખુલ્લાં છે એના પરિચાયક છે. તેમને ત્યાંથી મુક્ત થનાર શિક્ષિકાઓ પાસેથી પોતાને વિશે અને પોતાનાં બાલમંદિર વિશે નિખાલસ પ્રતિભાવ -મૂલ્યાંકન મેળવે છે . એમાંથી પણ સમજીને તેમણે કેટલુંક બદલ્યું પણ છે .

બાલમંદિરમાં માછલીઘર કેમ નહીં ?અને હું ગલૂડિયાને વાંચતાં શીખવાડું છું એમાં પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ અને બાળકને રચતનાત્મક રીતે સાચા માર્ગે કેમ વાળી શકાય તેની કથાઓ છે .

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001